ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૭-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### રશિયા-અમેરિકા વચ્ચે નવા શીતયુદ્ધના ભણકારા

ફરી એક વાર અમેરિકા અને રશિયા વચ્ચે શીતયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. પચાસ-સાઠ-સિત્તેરના દાયકાઓ દરમિયાન કયારેક અંતરિક્ષ વિજ્ઞાનક્ષેત્રે તથા સૈનિક શક્તિની રૂએ રશિયા વિશ્વની નં. ૨ મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થયું હતું. અમેરિકા વિરૂદ્ધ ત્રીજી દુનિયાનાં ભારત જેવાં રાષ્ટ્રોને એ ભરપૂર મદદ પણ કરતું હતું. ચીન કે પાકિસ્તાન સામેનાં યુદ્ધોમાં રશિયા વફાદાર મિત્ર રાજય તરીકે ભારતની પડખે રહ્યું હતું જયારે અમેરિકા દહીંમાં ને દૂધમાં પગ રાખી બેઉ તરફથી લાભ ખાટવાના કારસા કરતું હતું. અમેરિકાને રશિયાની અવકાશી સિદ્ધિ અને અને સૈન્ય શક્તિ ઉપરાંત વિશ્વના અન્ય દેશો સાથેની આવી દોસ્તી આંખમાં કણાની જેમ ખૂંચતી હોઇ એણે સોવિયેટ યુનિયનમાં જોડાયેલાં રાજયોમાં અલગતાવાદી જૂથોને પ્રોત્સાહિત કર્યા. એનું પરિણામ આખરે યુએસએસઆર તરીકે ઓળખાતા આ મહાન સામ્યવાદી સામ્રાજયના વિઘટનમાં આવ્યું. સામ્યવાદ સામે રશિયામાં જ વિદ્રોહ શરૂ થયો અને ગોર્બાચોવ જેવા ઉદારમતવાદી નેતાને હાથો બનાવી એમેરિકાએ રશિયાનો ઘડોલાડવો કરી દીધો, તે એ હદે કે રૂબલ આપણા રૂપિયા કરતાં સસ્તો બની ગયો. રશિયાની આવી બેહાલીમાંથી એને સફળતાપૂર્વક બહાર આણનાર વ્લાદિમીર પુતિન જેવા ઉચ્ચાભિલાષી નેતાને અમેરિકાની સર્વોચ્ચતા સામે લાંબો સમય નતમસ્તક રહેવું ન જ ગમે તે સ્વાભાવિક છે. અમેરિકા પોતાને જગત - જમાદારીનો વણલખ્યો પરવાનો મળી ગયો હોય એમ બેફામપણે વર્તે છે. પુતિને રશિયાને એની દયનીય બેહાલીમાંથી બહાર આણી પુનઃ મહાસાત્તા લેખે સ્થાપિત થવાની રેસમાં મૂકી દીધું છે. યુક્રેન જેવા સોવિયેટ યુનિયનથી અલગ થઇ ગયેલા દેશો પર સ્વાભાવિક રીતે જ રશિયાને ખુન્નસ છે. આથી યુક્રેન શાસન માટે શિરોવેદના સર્જી રહ્યા છે. આ બધા બખડજંતરમાં અમેરિકા જગતકાજી બની ન્યાય તોળવા બેસી જાય તે પુતિન જેવા વિચક્ષણ નેતાને પસંદ ન જ હોય. તાજેતરમાં મલેશિયાના વિમાનને મિસાઇલ દ્વારા યુક્રેનની સીમામાં તોડી પડાયું તેની જવાબદારી રશિયા તરફી યુક્રેન વિદ્રોહી જૂથે સ્વીકારી છે. અમેરિકાએ આ મુદ્દે રશિયા સામે મોઢું બગાડ્યું છે. પુતિને આ ઘટનાક્રમમાં રશિયાનો મુદ્દલ હાથ નહીં હોવાનું નિવેદન કર્યું છે પરંતુ ઓબામા એમની રજૂઆતને માનવા તૈયાર નથી. ટૂંકમાં એક સમયનાં બે પ્રતિસ્પર્ધી રાષ્ટ્રો વચ્ચે ફરી એકવાર ખુલ્લો મનમુટાવ શરૂ થઇ ગયો છે. અમેરિકા રશિયાને ગુનેગાર સાબિત કરવાના પ્રયાસો કરતું રહેશે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એની આબરૂ ઓછી કરતું રહેશે તેમ રશિયા વધુ ને વધુ છંછેડાતું રહેશે અને ફરી એક વાર અમેરિકા સામે પડકાર ઊભો કરવાની કોઇ પણ તક ઝડપી લેવાનું નહીં ચૂકે. અગાઉ જયારે આ બે મહાસત્તાઓ વચ્ચે બાપે માર્યા વેર જેવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે ચીનનું કોઇ વિશેષ વજૂદ નહોતું. યુરોપનાં રાષ્ટ્રો અમેરિકા સાથે રહી એમની ઐતિહાસિક ગરિમા જાળવતાં રહેતા. હવે આંતરરાષ્ટ્રીય શક્તિ સમતુલા બદલાઇ છે. ઇરાક જેવાં ઇસ્લામી રાષ્ટ્રો ભડકે બળી રહ્યાં છે અને ગાઝા પટ્ટી સળગી રહી છે. ચીન અત્યારે વિશ્વની નં.૨ મહાસત્તા ગણાવા લાગ્યું છે. ભારત પણ મહાસત્તા બનવાની ઉંદરદોડમાં સામેલ છે. આ બદલાયેલાં સંજોગોમાં મંદીનો માર ઝીલી રહેલી અમેરિકા ધીમી ગતિએ દુનિયાના નકશામાં એની સર્વોપરિતા ગુમાવી રહ્યુ છે. સાવ નાદાર બની ગયેલું રશિયા ફરી પાછું મેદાનમાં આવી રહ્યું છે ત્યારે આ નવેસરથી આરંભાયેલ શીતયુદ્ધ ત્રીજા વિશ્વયુદ્ધમાં ન ફેરવાઇ જાય એની ચિંતા વિશ્વનાં તમામ પ્રબુદ્ધજનોને સ્વાભાવિક રીતે જ રહ્યા કરશે.

## એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં પપેટ શૉ યોજાયો




ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે તા. ૧૯મી જુલાઈ ૨૦૧૪ના રોજ સવારે બાળકોના મનોરંજન માટે પપેટ શૉ યોજવામાં આવ્યો હતો. ધોરણ-૧, ૨, ૩ અને ૪ ના બાળકો માટે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ મન ભરીને આનંદ માણ્યો હતો તથા કઠપૂતળીના કલાકારોને આવકાર્યા હતા.

શાળાના નાના નાના ભૂલકાઓ આપણી સંસ્કૃતિને જાણે અને ભૂતકાળમાં મનોરંજન માટે કેવા કેવા પ્રકારના પ્રયોગો થતાં હતાં તેનાથી માહિતગાર બને તે આશયથી આજે શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ સુખરામ ચૌધરી અને નેહલબેને પપેટ શૉના કલાકારોને બોલાવી શાળામાં પપેટ શૉ યોજયો હતો. કઠપૂતળીને પોતાની આંગળીઓથી નચાવતા કલાકારની કલાને જોઈને બાળકો ખુશખુશાલ બની ગયા હતા. રાજા, અનારકલી, રમેશ મહેતા, જાદુગર વગેરે પાત્રોને કલાકારે કઠપૂતળીમાં રજૂ કરીને નચાવ્યા હતા. તલવારને ફેરવી શૌર્ય બતાવતો રાજા કે પછી જાદુના ખેલ કરી પોતાના મસ્તકને જુદુ કરતો જાદુગર તેમજ અનારકલીના નૃત્યને જોઈ બાળકો મોજમાં આવી ગયા હતાં.

સમગ્ર પપેટ શૉ દરમિયાન વર્ગ શિક્ષકો અને બાળકોએ સુવ્યવસ્થા જાળવી રાખી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બાળકો દ્વારા પપેટ શૉના કલાકારને તાળીઓથી વધાવી લેવામાં આવ્યા હતા. શાળાના આચાર્યાએ પણ બાળકો સાથે શિક્ષકોને આ પ્રસંગે અભિનંદન આપી ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓને ઉજાગર કરવા અપીલ કરી હતી.

## માઉન્ટ કાર્મેલ શાળાના કેબિનેટ મંડળનો શપથવિધિ સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સ્થિત સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થી નેતાનો શપથવિધિ સમારંભ આજે યોજાયો હતો. શાળામાં શાળા પ્રતિનિધિ મંડળના નેતા અને સહાયક નેતા, શિસ્ત, સાંસ્કૃતિક, સફાઈ તથા સત્યા, શાંતિ, પ્રેમા અને નિર્મલા ગ્રુપ માટે મંત્રીઓ અને તેમના સહાયક મંત્રીઓની નિમણુંક કરવામાં આવી. આ શપથવિધિ કાર્યક્રમમાં અતિથિ વિશેષ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ. બારડ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થી નેતાઓએ પોતાનું કાર્ય નિષ્ઠા અને નીતિથી કરવા માટે શપથ લીધા. બારડ સાહેબ તથા શાળાના આચાર્યા સિ. રેણુકાના વરદ હસ્તે કેબીનેટ મંડળના મંત્રીઓને બેઝ આપવામાં આવ્યા. બારડસાહેબે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં સ્વચ્છ વિદ્યાર્થી સ્વસ્થ વિદ્યાર્થીની વાત કરતા સૌ પ્રથમ પોતાનું મન, ઘર, શાળા, શહેર, રાજયને સ્વચ્છ રાખવાની વાતનું સૂચન કરી સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરવાની વાત કરી. આ સ્વચ્છતા પોતાની આસપાસની ૫ સે.મી. ત્રિજયામાં ફેલાવી શરૂઆત કરવાનું સૂચન કર્યુ. શપથવિધિ સમારોહ શાંતિથી સંપન્ન થયો હતો.






તાલુકાના સાદરામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠ માઈક્રોબાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓનો વન પ્રસારણ કાર્યક્રમ યોજાયો હતો. દેશમાં ઉદભવેલી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વિશે તેની અસરો અને ઉપાયોની તાલીમ આપવામાં આવી હતી તેમજ જૈવિક વિવિધતા, વનોનું મહત્વ અને કુદરતી સંશોધનોનું ગ્રામ વિકાસમાં મહત્વ વિષયક તાલીમ આપવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમમાં માઈક્રોબાયોલોજી વિભાગના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ તાલીમ મેળવી હતી. પ્રો. રમેશભાઈ પટેલ અને પ્રો. પ્રદીપ આચાર્યએ માહિતી આપી હતી અને કાર્યક્રમનું આયોજન નાયબ વન સંરક્ષક જે.એસ. પટેલ તેમજ સભા સંચાલન ડી.એ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હરિની દષ્ટિ...



બહેન, હું તો નોકરી છોડી દેવાની છું... જીંદગીમાં એક વાર છુટાછેડા તો લેવા જ પડે ને...નોકરી કરીને નાહકનાં દશ હજાર ચૂકવવાના ને?...!!

## બી.પી. કોલેજમાં ઈન્ટર્નશીપનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૯

નગરની બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ટ્રેઈનીંગ અપાવવા માટે અમદાવાદની ડી.એન.એ. ગૃપને આમંત્રિત કરવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થઈઓ ટ્રેઈનીંગ મેળવી ભવિષ્યમાં ખુબ સારી નામના મેળવે તે હેતુથી કોલેજ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી પ્રાપ્ત ડી.એન.એ. ગૃપના સભ્યો દ્વારા કોલેજના ૧૧૭ વિદ્યાર્થીઓનો સ્કીલ ટેસ્ટ લેવામાં વ્યો હતો. આ પરીક્ષામાં તમામ વિદ્યાર્થીઓ પાસ થતા ગૃપ દ્વારા દરેક વિદ્યાર્થઈને પસંદ કરવામાં આવ્યા છે. ઉપરાંત આ વિદ્યાર્થીઓને માસીક ૮૦૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશીષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારે પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટીએ આ પ્રકારના કાર્યક્રમો નિયમિત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## સોમવારે સેક્ટર-૩-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૯

શ્રી ધનજીભાઈ પરમાર પ્લોટ નં. ૫૭૧/૨, સેક્ટર-૩-સીના નિવાસસ્થાને તા. ૨૧મી જુલાઈના રોજ સોમવારે બપોરે અઢી વાગે મા મેલડી આનંદ ગરબા મંડળ તરફથી આનંદનો ગરબો યોજાશે. ભક્તોએ લાભ લેવા મહિલા પ્રમુખશ્રી પ્રફુલ્લાબેને જણાવેલ છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ગુજરાતમાં સાળંગપુર સ્થિર હનુમાનજીનું પ્રસિદ્ધ મંદિર કયા જિલ્લામાં આવ્યું છે ?
➜ **બોટાદ**
૨. ગુજરાતના દ્વારકામાં સ્થિત ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાચીન મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૩. ગુજરાતના કયા જિલ્લામાં પવિત્ર યાત્રાધામ તુલસીશ્યામ આવેલું છે ?
➜ **ગીર સોમનાથ**
૪. ગુજરાતના કયા જિલ્લામાં શંખોદ્ધાર બેટ આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૫. ગુજરાતના કયા જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ભાલકા તીર્થ આવેલું છે ?
➜ **ગીર સોમનાથ**
૬. સમગ્ર એશિયામાં સિંહો માટે પ્રખ્યાત સાસણગીર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **ગીર સોમનાથ**
૭. હાલ ગોપી તળાવ કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૮. ગુજરાતમાં નાગેશ્વર જયોર્તિલિંગ કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૯. સમગ્ર ગુજરાતમાં લાકડાના કામ અને ઘોડિયા માટે પ્રખ્યાત સંખેડા કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **છોટા ઉદેપુર**
૧૦. ગુજરાતમાં ભીમનાથ મહાદેવનું મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **બોટાદ**
૧૧. વિશ્વભરમાં પ્રખ્યાત રૈયાલી કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **મહીસાગર**
૧૨. ટાટાનું કેમિકલ અને મીઠાનું કારખાનાનું સ્થળ મીઠાપુર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૧૩. સ્વામિનારાયણ સંપ્રદાયનું તીર્થ સ્થળ ગઢડા કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **બોટાદ**
૧૪. પ્રસિદ્ધ અમર પેલેસ કયા જિલ્લામાં આવેલ છે ?
➜ **મોરબી**
૧૫. દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ ટંકારા કયા જિલ્લામાં આવેલ છે ?
➜ **મોરબી**
૧૬. મેશ્વો નદી કિનારે આવેલ તીર્થસ્થળ શામળાજીનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?
➜ **અરવલ્લી**
૧૭. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી કયા જિલ્લામાં આવેલી છે ?
➜ **ગીર સોમનાથ**
૧૮. જામનગર જિલ્લા સિવાય બીજા કયા જિલ્લામાં પરવાળાના ટાપુ આવેલા છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**
૧૯. હાલ ગુજરાતમાં સૌથી ઓછા તાલુકા ધરાવતા જિલ્લા કેટલા છે ?
➜ **બે (૨)**
૨૦. હાલ ગુજરાતના કયા બે જિલ્લા 3-3 તાલુકાઓ ધરાવે છે ?
➜ **પોરબંદર અને ડાંગ**

# સુંદરતા : અંદર જેટલી જ જરૂરી છે બહારની પણ...!!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

સીન ૧ - સર દાઢી સાદી બનાવુ કે સ્પેશ્યલ ? ..ભાઈ, સાદી જ બનાવ ને.. હવે ક્યાં કોઈ ચહેરો જોવા નવરું છે ... અરે સ્પેશ્યલ દાઢીથી ચહેરાને વધુ સારું રહેશે અને સાથે સાથે એક ફેસ મસાજ પણ કરી દઉં, એનાથી નાક અને ગાલ પરના અને આંખ નીચેના કુંડાળા થોડા ઓછા થશે અને આ જે નાના નાના બ્લેક સ્પોટ છે ને મોઢા પર એ પણ આછા થઈ જાશે... વધુ નહિ થાય.. બધું થઈને ૩૫૦ રૂપિયા જ થશે પણ તમે અને તમારો ચહેરો એકદમ ઝગમગાટ મારતો થઈ જશે ને તમને પણ એકદમ ફ્રેશ-મ-ફ્રેશ ફિલ થશે.

સીન ૨- મારે વાળમાં ટ્રીપલ શેડ કલર કરવાનો છે... પેડી-ક્યોર, હેર રીમુવિંગ, આઈ-બ્રો અને નેલ-ક્યોર પણ સાથે સાથે જ કરી નાખજે... અને યસ ફેસ મસાજ વિથ એજ-રીમુવિંગ ક્રીમ તો ખરો જ...

ઉપરના બંને સીન પરથી એટલું તો સમજી જ ગયા હશો કે બન્ને સીન કોઈ બ્યુટી સલુન (યસ હવે આ સલુન શબ્દ ઈન્થીંગ છે આજકાલ!!!) માં ભજવાય રહ્યા છે, નો ડાઉટ ડાયલોગ પરથી જ સમજાય જશે કે સીન-૧ કોઈ પુરુષ અને સીન-૨ કોઈ સ્ત્રીના મુખેથી સરી રહ્યો છે પણ બંનેમાં કોમન વસ્તુ છે સુંદરતાની સજાવટ!!! જો કે બંને સીનથી એટલું સમજાય છે કે પુરુષોની સરખામણી એ સ્ત્રીઓ સુંદર દેખાવા -ત્યે વધુ સભાન અને ચોક્કસ હોય છે જો કે એ અલગ વાત નો વિષય છે જેની વાત લેખમાં આગળ આવશે!!!

સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે - આ જેણે પણ લખ્યું હશે એના દિમાગમાં ત્યારે આંતરિક સુંદરતા, વૈચારિક સુંદરતા કે પછી વ્યવહારિક સુંદરતા રમતી હશે, પણ હવે તો સુંદરતા પામવા માટે આવી બધી માથાઝીકની ક્યાં જરૂર જ રહી છે. અને સુંદર દેખાવું કોને નાં ગમે? ઈનફેક્ટ અત્યારે તો જમાનો જ સુંદર દેખાવાનો છે, જાત ને પરફેકટલી -ઝન્ટ કરવાનો છે. ઓફીસ, પાર્ટી કે સર્કલમાં બીજાનું ધ્યાન ખેચવાનો ઈઝી રસ્તો છે સુંદર દેખાવ. મન ની સુંદરતા કે વાણીની સુંદરતા એ બધી પછીની વાતો છે. ઘણા સુંદર લોકો મો ના ખોલે ત્યાં સુધી જ સારા હોય છે એવું પણ બનતું હોય છે પણ એ તો મો ખોલ્યા પછીની વાત થઈ પણ એ પહેલા તો ખાલી સુંદરતા જ એનું ઘણું બધું કામ કરી નાખતી હોય છે. સ્ત્રીઓનું તો સુંદરતા સદીઓથી હાથવગું હથિયાર છે જ. ઈન્ટરવ્યુંની એક લાઈનમાં જો પાંચ લોકો હોય ને એમાં એક સુંદર સ્ત્રી / મહિલા ઉમેદવાર હોય તો ચોક્કસપણે બાકીના ચારના સિલેક્ટ થવાના ચાન્સીસમાં ઘટાડો ગણી જ લેવાનો. શાસ્ત્રોમાં વિષકન્યાના ઉદાહરણો મોજુદ જ છે અને આધુનિક સમયમાં પણ આવા અનેક બનાવો બનતા જ રહે છે પણ એમાં વાંક મહિલાની સુંદરતાનો હરગીઝ નથી જ. જમાનો સુંદરતાને પૂજે છે, પુજનારો છે અને પુજતો રહેશે એ બ્રહ્મ સત્ય છે. જો તમે સુંદર દેખાઈ શકો છો તો સમજો કે તમે અમુક અંશે સફળ થઈ શકો છો. સુંદર દેખાવું જરૂરીયાત છે, સમયનો તકાજો છે, ડીમાંડ છે અને સૌથી વધુ તો એ દરેકનો હક્ક છે.

લઘરવઘર દેખાતો ઈન્સાન જોનારને પહેલી નજરે જ ખટકે છે. અસ્તવ્યસ્ત અને પહેલી નજરે જ અનાકર્ષક લાગતા ચહેરાઓ ઈન્સાન બહુ ઝડપથી ભૂલી જાય છે. ફરીથી એ જ ચહેરા સાથે મુલાકાત વખતે એક ઉબકાનો ભાવ આવી જાય છે. જરૂરી નથી કે બધા જ આવા ચહેરાઓ સાથે આવે ફીલિંગ આવે પણ આ એક માનવ સ્વભાવની સર્વ સામાન્ય ખાસિયત છે .આજની ભાગદોડવાળી જીંદગીમાં સુંદર દેખાવું - વ્યવસ્થિત લાગવું કે સુઘડ રીતે પેશ આવવું એ પાર્ટ ઓફ લાઈફ છે.સુંદર ચહેરાઓ સાથે જાતને વધુ ઝડપથી કનેક્ટ કરી શકાય છે. અને બધાને સુંદર દેખાવું છે. સુંદર જન્મવું એ અલગ વસ્તુ છે, એ હાથ બહારની ચીઝ છે પણ સુંદર દેખાવું એ અમુક અંશે એચીવેબલ કામ છે. કહેવાય છે ને કે માણસ સુંદર જન્મી નાં શકે તો કઈ નહિ પણ સુંદર દેખાય તો શકે જ છે. જો કે આ સુંદર દેખાવાની કથા ચહેરે ચહેરે અલગ અલગ હોય છે.

જનરલી સુંદરતા અને સ્ત્રીઓને પરસ્પર અને પુર્વાપરનો સંબંધ છે. સ્ત્રી સુંદર હોવી જોઈએ આવો વણલખ્યો અભિ-ાય સમાજમાં છપાઈ ગયેલો છે અને એનાથી પણ વધુ કે લગભગ દરેક સ્ત્રીને મનમાં બરાબર ઠસી ગયું છે કે આપણે સુંદર દેખાવું જ જોઈએ. બિલકુલ બરાબર છે. સ્ત્રીને અને સુંદરતાને સમાજ એકસાથે એક ત્રાજવે જોખતો આવ્યો છે અને આવતો રહેશે. સ્ત્રી પુરુષ સરખી બનતી જાય છે ઈવન અમુક ઘોત્રોમાં તો એ પુરુષથી પણ ચડિયાતી સાબિત થતી જાય છે. વિશ્વમાં લગભગ દરેક ઘોત્રમાં સ્ત્રીઓ પોતાનું કાઠું કાઢતી રહી છે અને એક પછી એક સિદ્ધિના સોપાનો સર કરતી જાય છે અને પુરુષ આધિપત્યવાળા સમાજમાં ઘણી જગ્યાએ પુરુષથી એક કદમ આગળ વધતી જાય છે પણ આ બધા કરતા પણ એક ચીજ છે જે એને હમેશ માટે પુરુષ કરતા ચાર ડગલા આગળ જ મૂકી આપે છે અને એ છે સુંદરતા. સ્ત્રીમાં સુંદર દેખાવાની તીવ્રત્તમ ભાવનાઓ રહેલી હોય છે.

ચણાના લોટમાં દહીં ભેળવીને બનતી પેસ્ટથી કરાતા ફેસવોશથી શરુ થઈને ગાર્નીયર જેવા અતિ મોંઘા ફેસપેક સુધીની યાત્રા સ્ત્રીની સુંદરતા નિખારવામાં મદદરૂપ થતી રહી છે. એક જમાનામાં પીઠી ચોળીને તૈયાર થતી નવવધુઓ હવે બ્રાઈડલ મેકઅપ કરાવતી થઇ ગઈ છે. મહિલાપૂર્તિઓમાં સુંદર દેખાવા શું કરશો થી લઈને સુંદરતાથી કરો પતિને ખુશ...આવા ઢગલો આર્ટીકલો દર અઠવાડિયે છપાતા રહે છે પણ શું બીજા માટે જ સુંદર દેખાવું જરૂરી છે ? પતિ ને કે -િયપાત્રને મોઢેથી આજે તું બ્યુટીફૂલ દેખાય છે એવું સાંભળવું એ જ શું એકમાત્ર કારણ છે સુંદર દેખાવાનું ? શું કોઈ પોતાની જાતને ગમાડવા માટે સુંદર નાં લાગી શકે ? અહી વાત એકલી સ્ત્રીઓની નથી પણ સુંદર દેખાવું એ દરેકનો હક્ક છે. જો તમે સુંદર દેખાવા ઈચ્છતા હો તો એનો સૌથી પહેલો ફાયદો જોનારને નહિ પણ તમને ખુદને થવાનો જ. કયારેક ચહેરા પર લેકમેનો ક્રીમ કે શરીર પર એકાદો બોડીસ્- છાંટી જોજો. સ્-ની સુગંધ કે ક્રીમની મખમલી ભીનાશ તમને જ મહેકાવી દેશે.

વાત અહી એકલી સ્ત્રીઓની કરવી એ સિક્કાની એક બાજુ જેવું છે. યસ એ સાચું છે કે સમાજમાં સ્ત્રીઓમાં સુંદર દેખાવાની એષ્ણા વધુ હોય છે અને જીનેટીકલી એ સમ્પૂર્ણ સાચી પણ છે પણ વાત છે સુંદર દેખાવાની તો એમાં પુરુષો પણ સામેલ થાય જ. જો સુંદર સ્ત્રીઓ પુરુષોને વધુ ગમે તો સુંદર પુરુષો અથવા તો વ્યવસ્થિત લાગતા પુરુષો અચૂકપણે સ્ત્રીઓનું મન મોહી જ લેતા હોય છે ને સ્ત્રીઓની આંખમાં વસી જવા માટે સુંદર બનતા જતા પુરુષોનો ઉદ્યમ પણ હવે વધતો જાય છે. સુંદર દેખાવા -ત્યે પુરુષો એટલા બધા સભાન નથી હોતા એવો મત ધીરે ધીરે ભૂતકાળ થતો જાય છે. આખરે સુંદર દેખાવાનો મોહ તો કોને નાં હોય ? ચાહે સ્ત્રી હોય કે પુરુષ સુંદર દેખાવનો મોહ બધાને રહેવાનો જ. જો કે સ્ત્રીઓ પોતાના દેખાવ -ત્યે પુરુષો કરતા વધુ સજાગ હોય છે, વધુ ચિંતિત હોય છે અને અમુક પરીશ્થીતીઓમાં એ વધુ આક્રમક પણ હોય છે. આગળ કહ્યું એમ સ્ત્રી અને સુંદરતા એકબીજાની પુરક છે એટલે ઘણી વાર સ્ત્રીની સુંદરતામાં પડતી ખોટ એને વિહ્વળ બનાવી દે છે.ઢળતી ઉમરે જેટલી વાર અરીસામાં જુવે એટલી વાર ચહેરા પર પડતી કરચલીઓ જોઈને એને આયના ફોડી નાખવાનું મન થઈ જાય છે જયારે માથા પર પડતી ટાલ પુરુષ સહજતાથી સ્વીકારી લે છે હા ક્યારેક એ વિગના ઓઠા નીચે વધતી ઉમર છુપાવવાની નિષ્ફળ કોશિશ કરી જાણે છે પણ સર્વતઃ સુંદરતાની ઓટ અંગેની કે દેખાવના શેરબજારમાં પોતાના શેરની ગિરાવટની વાસ્તવિકતા સ્વીકારવામાં પુરુષ સ્ત્રી કરતા અવ્વલ હોય છે... અને અહી જ છે સ્ત્રી અને પુરુષમાં સુંદરતા પરત્વેનો અલગ અલગ અભિગમ.

સુંદર દેખાવા માટે સુંદર હોવું જરૂરી નથી પણ સુંદર ફિલ કરવું જરૂરી છેઁ આવા વાક્યો વાચવામાં સારા લાગે, ભાવુક બની જવાય કે કોઈને ઉપદેશ આપવા વાપરી શકાય પણ આ સુંદર ફિલ કરવું એટલે શું ? એના માટે પણ તમારે સુંદર તો બનવું પડે કે નહિ ? સુંદર દેખાવું અને સુંદર બનવું બંને અલગ અલગ વાત છે. સુંદર બનવાનું પહેલું પગથીયું છે સુંદર દેખાવું. કહે છે ને કે જો તમારે સુંદર જ દેખાવું હોય તો એક નુર આદમી હાજર નુર કપડાની જેમ અનેક રસ્તાઓ મળી રહે છે. ચાલીસી પછી ડોકિયા કરતા સફેદ વાળને કલર કરીને છૂપાવવો કાઈ ગુનો થોડો છે ? કે પછી ઢળતી ઉમરે ફાંદ ઉતારવા જીમ જોઈન્ટ કરવું સહજ કેમ નથી ગણાતું ? ગણાવું જોઈએ ને? સરવાળે તો સુંદર જ દેખાવાનો આખોય ઉઘમ છે. કાઈ અમુક ઉમર પછી તમે તમારી જાતને સારી રીતે રજુ કરવાનું કે સરખી રીતે તૈયાર થવાનું માંડી વાળશો? કેમ? શા માટે? મોટાભાગે તો એવું જ બને છે કે ઢળતી ઉમરે કે ઉમરના એક પડાવે પહોચ્યા પછી ઈન્સાન પોતાના દેખાવ -ત્યે વધુ સભાન બની જતો હોય છે.

આજકાલ તો સુંદર દેખાવું કે સુંદર દેખાવાનો -યત્ન કરવો એ જાણે કોઈ મોટો અપરાધ હોય એમ ગણાય રહ્યું છે પણ એ તો ફક્ત એવા લોકોને જ લાગુ પડે છે કે જેને સુંદર દેખાવું નથી કે સુંદર દેખાવું કેટલું અગત્યનું છે એની કોઈ ગતાગમ નથી. સુંદરતા જોનારની આંખમાં વસે છે એ તો પછીની વાત છે પણ કોઈ આંખ માંડે એટલું સુંદર તો દેખાવું જોઈએ કે નહિ ? અહી વાત ધ્યાન ખેચવાની નથી પણ જો તમે તમારી જાતને જ સુંદર કલ્પી શકો અથવા તો સુંદર બનાવી શકો તો નિઃસંદેહ તમારા તરફ નજરો ખેચવાની જ. વર્તન, વાણી અને વ્યવહારની સુંદરતા એ બધું એ પછી જ આવે એ ચોક્કસ છે. અહી કદરૂપા હોવું કે સુંદર નાં હોવું એ અપરાધ છે એવી કોઈ વાત નથી કહેવાની પણ શક્ય હોય ત્યાં સુધી પોતાને સારી, સુઘડ અને જો બની શકે તો સુંદર રીતે રજુ કરી શકવાની વાત છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)